| | |
|---|---|
| રજુ તારીખ | ૨૪/૦૯/૨૦૧૫ |
| દાખલ તારીખ | ૨૪/૦૯/૨૦૧૫ |
| ફેંસલ તારીખ | ૩૦/૦૩/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ:૧૦ માસ:૦૬ દિન:૦૬ |

**નામદાર મજુર અદાલત નં.૩, સુરતના એકસ ઓફીસીઓ કમિશ્નર ફોર ધી વ. કો. એકટ**
**શ્રી કે. જી. પટેલ સાહેબ સમક્ષ**

**વ.કો.(ફેટલ) અરજી નં. ૨૫/૨૦૨૫**

**આંક–૩૬**

**અરજદાર :** (૧) **આરતીકુમારી રાકેશકુમાર રાય**
**જે સ્વ. રાકેશકુમાર રાયની પત્ની**

(૨) **સાક્ષીકુમારી રાકેશકુમાર રાય**
**જે સ્વ. રાકેશકુમાર રાયની પુત્રી**

(૩) **શિવકુમાર રાકેશકુમાર રાય**
**જે સ્વ. રાકેશકુમાર રાયનો પુત્ર**

(૪) **રાહુલકુમાર રાકેશકુમાર રાય**
**જે સ્વ. રાકેશકુમાર રાયનો પુત્ર**

(૫) **રામદત મુસદુપ્રસાદ યાદવ**
**જે સ્વ. રાકેશકુમાર રાયના પિતા**

(૬) **દયારાણી ઉર્ફે સુંદરીદેવી રામદત યાદવ**
**જે સ્વ. રાકેશકુમાર રાયના માતા**

તમામ રહેવાસી : ગામ પોસ્ટ: તમૌદ પરસા,
થાના: મુરલીગંજ, જી. મધીપુરા, બિહાર.

// વિરૂધ્ધ //

**સામાવાળા :** (૧) **એસ. આર. ઓફસોર પ્રા. લી.**
હે. ૭૨૦, કોર્પોરેટ સેન્ટર, નિર્મલ લાઈફ સ્ટાઈલ,
એલબીએસ રોડ, મુલુંદ (વેસ્ટ) મુંબઈ–૪૦૦ ૦૮૦.

(૨) **એસ. આર. ઓફસોર પ્રા. લી.**
હે. ૧૨૬, ગ્રીન પ્લાઝા, એલ. પી. સવાણી સ્કુલની સામે,

અડાજણ, સુરત–૩૯૫૦૦૯.

(૩) **ધી ઓરીએન્ટલ ઈન્સ્યોરન્સ કંપની લિમીટેડ**

ઠે.ઓરીએન્ટલ હાઉસ,ત્રીજા માળે,જમશેદજી ટાટા,

રોડ,ચર્ચગેટ,મુંબઈ–૪૦૦૨૦૭

(આંક–૮ ના હુકમથી સામાવાળાનં.૩ ને પક્ષકાર તરીકે જોડેલ છે.)

**હાજર રહયા :** અરજદાર તરફે : વિ.વ.શ્રી એમ. બી. ખાખરીયા

સામાવાળા નં. ૧, ૨ તરફે : વિ.વ.શ્રી એન. બી. શાહ

સામાવાળા નં.૩ તરફે : વિ.વ.શ્રી એ. એ. દલાલ

**// હુકમ //**

(૧) અરજદારની અરજીની સંક્ષિપ્ત હકીકત એવી છે કે, આ કામના અરજદારના પતિ નામે રાકેશકુમાર રાય આ કામના સામાવાળાની સંસ્થામાં મર્ચન્ટ નેવી ફર્સ્ટ કલાસ માસ્તર તરીકે સને–૨૦૧૧ થી હજીરા ખાતે આવેલા પ્લાન્ટ ઉપર (પ્લેટ ફોર્મ) ઉપર ફરજ બજાવતા હતા. જેમનો માસિક પગાર રૂા.૩૫,૦૦૦/–એકાઉન્ટ પે ચેકથી સંસ્થા ચુકવતી હતી. આ કામના અરજદારની નોકરી સ્વચ્છ અને દાગરહીત હતી, આ કામના સામાવાળાએ અરજદારના પતિને ટેલીફોનીક ધ્વારા નોકરી પર હાજર થવાનું જણાવેલ, આ કામના સામાવાળાએ આ કામના અરજદારના પતિને મજુર કાયદા મુજબ જે હકકો આપવા જોઈતા હોય તે આપેલ નથી. જેવા કે હાજરીકાર્ડ,પગાર સ્લીપ, પીએફ સ્લીપ, તથા અરજદારના પતિને ફોટાવાળા આઈડી પણ આપેલ નથી. પણ અરજદારના ફોટા ગેટ પાસ આપેલ છે. જે આ કામે રજુ કરેલ છે. આ કામના સામાવાળાની સંસ્થામાં ૨૪ કલાક નોકરી બજાવવાની હોય છે. આ કામના અરજદારના પતિ તા.૧૭/૦૪/૨૦૧૫ થી નોકરી પર હાજર થયેલ અને તા. ૧૭/૦૫/૨૦૧૫ સુધી નોકરી ચાલુ હતી તે દરમ્યાન અચાનક પ્લેટ ફોર્મ પર પડી જતા બીજી શીપ ધ્વારા બહાર લાવેલ અને તે દરમ્યાન સંસ્થાના જવાબદાર વ્યકિતએ સુરતમાં આવેલ બીએપીએસ(બાપ્સ) હોસ્પીટલ, અડાજણમાં તાત્કાલીક સારવાર માટે દાખલ કરવામાં આવેલ, તા.૧૮,૧૯,૨૦,૨૧,૨૨ સુધી સારવાર આપવામાં આવેલ ત્યારબાદ તા.૨૩/૦૫/૨૦૧૫ ના રોજ સાંજે ૪.૨૫ કલાકે સારવાર દરમ્યાન મુત્યુ થયેલની જાણ સંસ્થાના જવાબદાર વ્યકિતએ તેઓ વારસદારોને ટેલીફોનીક ધ્વારા કરવામાં આવેલી, ત્યારબાદ મરણનારના સાળા નામે બંટીકુમાર તથા તેમના ભાઈ નામે સુભાષકુમાર સુરત મુકામે હોસ્પીટલમાં આવેલ લાશનો કબજો લેવામાં આવેલ અને ત્યારબાદ અરજદારના સ્વ ખર્ચે અરજદારના ઉપરોકત જણાવેલ સરનામે પોતાના વતન બિહાર એમ્બ્યુલન્સ ધ્વારા લઈ ગયેલ જેનો ખર્ચ પણ તેઓ અરજદારે ભોગવેલ છે.

અને આ કામના સામાવાળાએ મરનાર રાકેશકુમારના તા.૧૭/૦૪/૨૦૧૫ થી ૧૭/૦૫/૨૦૧૫ સુધીનો પગાર આજ દિન સુધી ચુકવેલ નથી કે તેઓ અરજદારને સરનામે મોકલી આપેલ નથી. આ અકસ્માતની જાણ કે ચાલુ નોકરીએ મરણની નોંધ આ કામના સામાવાળાને હોવાથી વર્કમેન કોમ્પ્શેશન એકટ–૧૦(૧) મુજબ વળતર ચુકવી આપવાની નોટીસ મોકલી આપવાની જરૂર સમજેલ નથી. જો અકસ્માતની જાણ આ કામના સામાવાળાને હોય તો આ કામના સામાવાળાને નોટીસ મોકલવાની જરૂર રહેતી નથી. અરજદારના પતિ મુત્યુ થવાના કારણે અને આર્થિક સંકડામણમાં આવી ગયેલ હોવાથી આજે તેઓ અરજદારોએ જીવન જીવવાનું મુશ્કેલ બની ગયેલ છે. આ કામના સામાવાળાએ અકસ્માત થયાથી દિન ૩૦ માં વળતરની રકમ નામદાર કોર્ટમાં જમા કરાવેલ નથી. જેથી ૧૨% વ્યાજ તથા ૫૦% પેનલ્ટી સહીત આ અરજી દાખલ કરવામાં આવેલ છે. આ કામના અરજદારે ગણતરી મુજબનો સ્ટેમ્પ વાપરેલ છે. આ કામના સ્વ. રાકેશકુમારના માતા–પિતા વૃધ્ધ હોવાથી અરજી દાખલ કરતા સમયે સુરત આવી શકેલ નથી જેથી મુળ અરજીમાં સહીઓ કરાવેલ નથી. તેમ જણાવી આ કામના અરજદારના પતિ રાકેશકુમારની ચાલુ નોકરી મૃત્યુ થયેલ હોવાથી જેની વળતરની રકમ રૂા.૭,૮૮,૨૪૦/– અંકે રૂપિયા સાત લાખ અઠ્ઠીયાસી હજાર બસો ચાલીસ પુરા તથા ૧૨ ટકા વ્યાજ તથા ૫૦ પેનલ્ટી સહીત ચુકવવા હુકમ કરવા દાદ માંગેલ છે.

**(૧/૧)** આ કામે અરજદારોએ હાલની અરજી દાખલ કર્યા બાદ સામાવાળા નં.૧, ૨ ને નોટીસની બજવણી થઈ જતા સામાવાળા નં.૧, ૨ તરફે હાજર થઈ આંક–૮ થી ધી ઓરીએન્ટલ ઈન્સ્યોરન્સ કંપની લીમીટેડને પક્ષકાર તરીકે જોડવા અરજી આપી આંક–૯ ના દસ્તાવેજી લીસ્ટથી વીમા પોલીસીની નકલ રજુ કરવામાં આવતા વીમા કંપનીને નોટીસ કાઢવામાં આવેલ. ત્યારબાદ વીમા કંપનીને નોટીસની બજવણી થઈ જવા છતાં વીમા કંપની તરફે કોઈ હાજર નહીં રહેતા આંક–૮ની અરજી લગત હુકમ કરી ધી ઓરીએન્ટલ ઈન્સ્યોરન્સ કંપનીને આ કામે સામાવાળા નં.૩ તરીકે જોડવાનો હુકમ કરવામાં આવેલ છે.

**(૧/૨)** આ કામે વીમા કંપનીને સામાવાળા નં.૩ તરીકે જોડવાનો હુકમ કરતા અરજદારો તરફે આંક–૧૫ થી સુધારેલી અરજી રજુ કરેલ છે જેમાં મુખ્યત્વે તેઓની આંક–૧ની અરજી મુજબની હકીકતો દોહરાવેલ હોઈ પુનરાવર્તનનો દોષ ટાળવાના હેતુથી તે અત્રે નોંધવામાં આવેલ નથી. વધુમાં સુધારેલી અરજીમાં અરજદારોએ જણાવેલ છે કે, આ કામના સામાવાળાએ મુળ અરજી દાખલ કર્યા બાદ તા.૨૭/૦૪/૧૭ ના રોજ વીમાં પોલીસી છે તેવું અરજી આપી જાહેર કરેલ છે જેથી સામાવાળા નં.૩ તરીકે વીમા કંપની જોડવાની જરૂર પડેલ છે. આ કામના અરજદાને આ કામના

સામાવાળા નં.૩ ની વિમા પોલીસી અંગે આ કામના સામાવાળા નં.૧ એ કોઈ જાણકારી આપેલ ન હોવાના કારણે અકસ્માત અંગેની કોઈ નોટીસ આપેલ નથી. આ કામના સામાવાળાએ નં.૧ અને ૨ ને આ કામના અરજદારને ચાલુ નોકરીએ મુત્યુ થયુ હોવાની માહીતી હોય જેથી જી.એલ.આર. ૧૯૯૯,પેજ નં.૪૯૯ ના જજમેન્ટના આધારે જો બનાવ અંગે સામાવાળા નં.૧ અને ૨ ને જાણ હોય તો નોટીસ આપવાની જરૂર નથી. તે ઘ્યાને રાખીને આ કામના સામાવાળા નં.૧ અને ૨ ને નોટીસ આપેલ નથી. આ કામના અરજદારના પતિને બે પુત્રો તથા એક પુત્રી છે. તેમ જણાવી આ કામના અરજદારના પતિ રાકેશકુમારનું ચાલુ નોકરીએ મૃત્યુ થયેલ હોવાથી વળતરની રકમ આ કામના સામાવાળા નં.૩ ને રૂા.૭,૮૮,૨૪૦/– અંકે રૂપિયા સાત લાખ અઠ્ઠીયાસી હજાર બસો ચાલીસ પુરા જમા કરાવવા હુકમ કરવા તેમજ આ કામના સામાવાળા નં.૧ અને ૨ ને અકસ્માત અંગેની રકમ કોર્ટમાં જમા કરાવવા કોઈ કાર્યવાહી કરેલ ન હોવાથી મુળ રકમના ૧૨ ટકા વ્યાજ તથા ૫૦ ટકા પેનલ્ટી સહીત આ કામના સામાવાળા નં.૧ ને ચુકવવા હુકમ કરવા તથા જે રકમ નામદાર કોર્ટમાં જમા કરાવવા હુકમ કરવા અરજ ગુજારેલ છે.

(૨) આ કામે સામાવાળા નં.૧ તથા ૨ તરફે આંક–૧૮ થી લેખિત જવાબ રજુ કરેલ છે જેમાં જણાવેલ છે કે, અરજદારોને આવી અરજી કરવાનો કાયદા પ્રમાણે હકક કે અધિકાર નથી. અરજદારો આવી અરજી તેઓ સામાવાળા નં.૧ અને ૨ વિરુઘ્ઘ કરી શકતા નથી. અરજદારોની આવી અરજી કાયદા પ્રમાણે ટકી શકતી નથી અને રદ થવાને પાત્ર છે. અરજદારોની અરજી કાયદા પ્રમાણે ટકી શકતી નથી અને આવી અરજી ચલાવાવની , સાંભળવાની કે તે અંગેનો નિર્ણય કરવાની આપ નામદાર કમિશનર સાહેબને સત્તા, હકુમત યાને જયુરીશડીકશન નથી. સદર કામમાં અરજદારોની સદર અરજીને મીસ જોઈન્ડર ઓફ પીર્ટીઝનો સિંઘ્ધાત લાગુ પડતો હોઈ,અરજદારોની અરજી કાયદા પ્રમાણે ટકી શકતી નથી અને રદ થવાને પાત્ર છે. વઘુમાં જણાવવાનુ કે, અરજદારના પતિનું જે બીમારીના કારણે અવસાન થયેલ છે તે બિમારીનો સમાવેશ '' ઓકયુપેશનલ ડીસીઝ'' માં થતો નથી એટલે કે અરજદારના પતિને થયેલ બિમારી સામાવાળા સંસ્થાની નોકરી દરમ્યાન ઉદભવતી બિમારી નથી. આથી પણ અરજદારની અરજી તેઓ સામાવાળા વિરુઘ્ઘ ટકી શકતી નથી અને રદ થવાને પાત્ર છે. વઘુમાં સદરહુ અરજી કરતા પહેલા કાયદાની જોગવાઈ મુજબની તેઓ સામાવાળાને અરજદારોની કોઈ નોટીસ મળેલ નથી. આથી પણ અરજદારોની અરજી કાયદા પ્રમાણે ટકી શકતી નથી અને રદ થવાને પાત્ર છે.વઘુમાં અરજદારોને તેઓ સામાવાળા નં.૧ અને ૨ વિરુઘ્ઘ સદર અરજી કરવાનુ કોઈ કારણ ઉત્પન્ન થયેલ નથી એટલે કે અરજદારોએ સદર અરજી ''કોઝ ઓફ એકશન'' વિના કરેલ છે. તેથી પણ અરજી કાયદા પ્રમાણે ટકી શકતી નથી અને રદ થવાને પાત્ર છે. ઉપર

જણાવેલા મુદાઓ પાયના મુદાઓ યાની પ્રીલીમીનરી ઈસ્યુઝ છે અને આ મુદાઓ પ્રીલીમીનરી ઈસ્યુઝ તરીકે કાઢવા, સાંભળવા કે તેનો નીર્ણય કરવાની જરૂર છે માટે તેમ કરવા મહેરબાની રાહે હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

વધુમાં અરજદારોની મુળ અરજી તથા સુધારા અરજીના પેરા–૧ બાબત જણાવેલ છે કે, અરજદારના પતિ રાકેશકુમાર રાય તેઓ સામાવાળાની સંસ્થામાં મર્ચન્ટ નેવી ફર્સ્ટ કલાસ માસ્તર તરીકે સન–૨૦૧૧ થી હજીરા ખાતે આવેલ પ્લાન્ટ ઉપર (પ્લેટ ફોર્મ) ફરજ બજાવતા હોવાની હકકીત અરજદારે પુરવાર કરવી જોઈએ. અરજદારના પતિનો માસિક પગાર રૂ.૩૫૦૦૦/– એકાઉન્ટ પે ચેકથી સામાવાળા સંસ્થા ચુકવતી હોવા બાબતે તકરાર નથી. પેરા ન–રની અરજીની હકીકતો અરજદારે પુરવાર કરવી જોઈએ તેમ જણાવી ખરી હકીકતમાં જણાવેલ છે કે, તા.૧૭/૦૫/૨૦૧૫ ના રોજ અરજદારના પતિને કમળાની બિમારી થયેલ હોવાના કારણે તેઓને બાપ્સ પ્રમુખ સ્વામી હોસ્પીટલ, અડાજણ,સુરત ખાતે દાખલ કરવામાં આવેલ. જયા સારવાર દરમ્યાન તેઓનું તા.૨૩/૦૫/૨૦૧૫ ના રોજ અવસાન થયેલ. સામાવળા નં.૧ તથા ૨ નાએ અરજદારના પતિને થયેલ બિમારી સારવાર અંગેનો હોસ્પીટલ તથા દવાનો તમામ ખર્ચ ભોગવેલ અને અરજદારના પતિના શબને તેમના વતન લઈ જવા માટે એમ્બ્યુલન્સના ભાડાના તથા રસ્તામાં સાથે ગયેલ માણસોનો તમામ ખર્ચ તથા અંતિમ ક્રિયાકર્મ માટેનો ખર્ચ પણ સામાવાળાઓએ તેઓને રોકડેથી ચુકવી આપેલ. વધુમાં જણાવેલ છે કે, અરજદારના પતિને જે બિમારી થયેલ તેનો ''ઓકયુપેશનલ ડીસીઝ'' માં સમાવેશ થતો નથી એટલે કે અરજદારના પતિને જે બિમારી થયેલ તે સામાવાળા સંસ્થાની નોકરી દરમ્યાન ઉદ્દભવતી બિમારી નથી. સામાવાળાએ કામદાર વળતર ધારા, ૧૯૨૩ હેઠળ સામાવાળા નં.૩ ધી ઓરીએન્ટલ ઈન્સ્યોરન્સ કંપની લીમીટેડ પાસેથી વળતર બાબતની પોલીસી લીધેલ. જેનો પોલીસી નંબર–૧૧૧૯૦૦/૪૮/૨૦૧૫/૧૮ છે અને તે પોલીસીનો પીરીયડ તા.૧૦/૯/૧૪ થી તા.૯/૯/૧૫ સુધીનો હતો. આમ, સામાવાળા ઉપર જણાવ્યા પ્રમાણેની સામાવાળા નં.૩ ધી ઓરીએન્ટલ ઈન્સ્યોરન્સ કંપની લીમીટેડની પોલીસી ધરાવતા હતા અને મજકુર પોલીસી પ્રમાણે ઉપરોકત સમયગાળા દરમ્યાન તેઓ સામાવાળાના કામદારને જો કોઈ ઈજા કે મૃત્યુ થાય તો તે સંજોગોમાં જે કમ્પનશેસન આપવાનું થાય તો તેની જવાબદારી ધી ઓરીએન્ટલ ઈન્સ્યોરન્સ કંપની લીમીટેડની હતી. આથી સામાવાળાએ અરજદારના પતિના મૃત્યુ અંગેની જાણ તા.૨૯/૫/૧૫ ના રોજના ઈ–મેઈલ ઘ્વારા સામાવાળા નં.૩નાને કરેલ અને વળતર અંગેનો કલેઈમ રજીસ્ટર કરવા જણાવેલ, પરંતુ સામાવાળા નં.૩ ના વીમા કંપનીએ ટેકનીકલ કારણો જણાવી સામાવાળાએ કરેલ કલેઈમ નામંજુર કરેલ અને તે અંગેની જાણ

સામાવાળાને ઈ–મેઈલ ધ્વારા કરેલ છે. વધુમાં અરજદારની અરજીના પેરા નં–૩ની હકીકતોનો ઈન્કાર કરી ખરી હકીકતમાં જણાવેલ છે કે, સદરહુ અરજી કરતા પહેલા કાયદાની જોગવાઈઓ મુજબ અરજદારોએ સામાવાળાને નોટીસ આપવી જોઈએ જે આપેલ ન હોઈ અરજદારોની અરજી કાયદા પ્રમાણે ટકી શકતી નથી અને રદ થવાને પાત્ર છે. વધુમાં અરજદારની અરજીના બાકી પેરાઓનો પેરાવાઈઝ ઈન્કાર કરી અરજીની હકીકતો અરજદારોએ પુરવાર કરવી જોઈએ તેમ જણાવી અરજદારની અરજી ખર્ચ સહીત રદ કરવા અરજ ગુજારેલ છે.

(૩) આ કામે સામાવાળા નં.૩ તરફે આંક–૨૨ થી લેખિત જવાબ રજુ કરેલ છે જેમાં જણાવેલ છે કે, અરજદારની સદર અરજી ખરી નથી અને કાયદેસરના સ્વરૂપમાં નથી. સબબ અરજદારની અરજી ખર્ચ સહીત રદ કરવાની જરૂર છે. અરજદારને હાલની અરજી કરવાનો કોઈ હકક કે અધિકાર નથી, તેથી પણ અરજદારની અરજી ખર્ચ સહીત રદ થવાને પાત્ર છે. અરજદારની અરજી સપ્રેશન ઓફ ફેકટ મટીરીયલ્સના નિયમોનો બાધ નડે છે અને તેથી પણ અરજદારની અરજી ખર્ચ સહીદ રદ થવાને પાત્ર છે. અરજદાર અને સામાવાળા નં.૧નાની વચ્ચે માલિક તેમજ કામદારનો સંબંધ સ્થાપિત થતો ન હોઈ સદર કેસ ખર્ચ સહિદ રદ થવાને પાત્ર છે. અરજદારની અરજીના પેરા–૧ તથા ૨ પરત્વે જણાવેલ છે કે, તેમાં લખેલી હકીકત વિશે વિમાં કંપનીને કોઈ જાત માહિતી નથી. વર્કમેન કોમ્પેશેશન એકટની કલમ–૧૦(૧) મુજબ વળતર ચુકવવાની નોટીસ આપવી ફરજીયાત છે. તેનું પાલન કરવા આ કામના અરજદારો બંધાયેલા છે, પરંતુ આ કામનાઓએ કાયદાની ઉપરવટ જઈ મનસ્વી રીતે નકકી કરી કાયદાનો ઉલ્લંઘન કરેલ છે. જે ગેરકાયદેસરનુ છે. સબબ અરજી કાયદામાં ટકી શકે તેમ નથી. વધુમાં ખરી હકીકતમાં જણાવેલ છે કે ,આ કામના સામાવાળા નં.૧ તથા ૨ નાએ ટર્મ્સ એન્ડ કન્ડીશન આધીન GPA-UNNAMED POLICY SCHEDULE પોલીસી લીધેલ છે. જે પોલીસીમાં Detail Of Insured Persons ના મથાળા હેઠળ 11 Crew Membera Of Vessel Roza For The S.I.1,00,000/- each (On Duty Cover Only ) લખવામાં આવેલ છે યાને કે સામાવાળા નં.૩ નાની એક વ્યકતિને વળતર ચુકવવાની જવાબદારી માત્રને માત્ર રૂા.૧,૦૦,૦૦૦/– ની છે. મર્હુમ રાકેશકુમાર સામાવાળા નં.૧ તથા ૨ ને ત્યાં ચાલુ નોકરી દરમ્યાન થયેલ હોવાનું સાબીત કરવાની જવાબદારી અરજદારની છે, અને જો કોઈ સંજોગોમાં નામદાર કોર્ટ અરજદારને વળતર ચુકવવાનો હુકમ કરે તો પણ વીમા પોલીસીની ટર્મ્સ એન્ડ કન્ડીશનને આધીન તેઓ સામાવાળા નં.૩ વીમા કંપનીની જવાબદારી માત્ર રૂા.૧,૦૦,૦૦૦/– સુધી છે તેટલું વળતર ચુકવવા વીમા કંપની જવાબદાર થાય છે. અરજદારનાએ રૂા.૭,૮૮,૨૪૦/– વળતરની માંગણી કરેલ છે, તેવુ વળતર ચુકવવા વીમા કંપની પોલીસીની જોગવાઈ આધીન

ચુકવવાપાત્ર નથી. વધુમાં જણાવેલ છે કે, સામાવાળા નં.૧ તથા ૨ નાએ સામાવાળા નં.૩ સમક્ષ ઈ–મેઈલ ધ્વારા કલેઈમ રજુ કરેલ હોવાની બાબત યોગ્ય પુરાવાથી સાબીત કરવાની જરૂર છે. સામાવાળા નં.૧ તથા ૨ વીમા કંપની સમક્ષ કલેઈમ રજુ કરવાની યોગ્ય રીતે નકકી કરેલ ફોર્મમાં રજુ કરેલ ન હોવાની સામાવાળા નં.૧ તથા ૨ ના જવાબ ઉપરથી સાબીત થાય છે. ખરી હકીકતમાં સામાવાળા નં.૧ તથા ૨ નાએ કલેઈમ અંગે યોગ્ય કાર્યવાહી કરેલ નથી. આ ઉપરાંત વીમા કંપનીએ વધુ તપાસ ચાલુ હોઈ કલેઈમ અંગેનો વધુ જવાબ રજુ કરવાનો હકક અબાધિત રાખી આ જવાબ રજુ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, સામાવાળા નં.૧નાએ લીધેલ પોલીસી GPA-UNNAMED POLICY SCHEDULE છે. જે પોલીસી મુજબ સદર કેસ આપ નામદાર કોર્ટમાં ચાલી શકતો નથી. અરજદારની અરજી વર્કમેન કોમ્પેશેશન એકટ હેઠળની છે. પરંતુ સામાવાળા નં.૧ નાઓ સામાવાળા નં.૨ કનેથી વર્કમેન કોમ્પેશેશન પોલીસી લીધેલ નથી. જે સંજોગોમાં સામાવાળા વિરુધ્ધ કેસ ચલાવવાપાત્ર નથી. આ કામના સામાવાળા નં.૧ તથા અરજદાર સામાવાળા નં.૨ કનેથી કોઈ વળતર મેળવવા હકકદાર થતા નથી કે આપ નામદાર કોર્ટ તેઓ સામાવાળા નં.૨ વિરુધ્ધ હુકમ કરી શકતા નથી. સબબ તેઓ સામાવાળા નં.૨ના વિરુધ્ધ સદર કેસ રદ કરવાની જરૂર છે.

(૪) આ કામે અરજદાર તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**–:અરજદાર તરફે રજુ મૌખિક પુરાવો:–**

| અ.નં. | મૌખિક પુરાવાની વિગત | આંક/ નિશાની |
|---|---|---|
| ૧. | અરજદાર નં.૧ આરતીકુમારી રાકેશકુમાર રાયનું સોગંદનામું. | આંક–૨૫ |

**–:અરજદાર તરફે રજુ દસ્તાવેજી પુરાવો:–**

| અ.નં | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક/ નિશાની |
|---|---|---|
| ૧. | આ કામના અરજદારના પતિનું બિહાર ઈન્ટરમીડીયમ શિક્ષા પરિષદ પટનાનું પ્રવેશ પત્રની નકલ, વર્ષ–૧૯૯૫ | નિ.૩/૧ |
| ૨. | આ કામના અરજદારના પતિનું મૃત્યુ અંગેનું સુરત મહાનગરપાલિકા તરફથી આપેલ પ્રમાણપત્રની નકલ, ૨૮–૫–૨૦૧૫ | નિ.૩/૨ |
| ૩. | આ કામના અરજદારના પતિનું મેડીકલ સર્ટીફીકેટ તથા ડેથ (મરણ) સર્ટીફીકેટ, ૨૩–૫–૨૦૧૫ | નિ.૩/૩ |
| ૪. | આ કામના અરજદારનું આરતી કુમારીનું ઈલેકશન કાર્ડની પ્રમાણિત નકલ, ૧૨–૫–૨૦૦૫ | નિ.૩/૪ |

| | | |
|---|---|---|
| ૫. | આ કામના અરજદારના પતિનું ગેટ એન્ટ્રી પાસ પ્રમાણિત નકલ, ૩૦–૧૧–૨૦૧૩ | નિ.૩/૫ |
| ૬. | આ કામના અરજદારના પતિનું પાસપોર્ટની પ્રમાણિત નકલ, ૧૭–૧–૨૦૦૬ | નિ.૩/૬ |
| ૭. | આ કામના અરજદારના પુત્રના સ્કુલમાંથી આપેલ સર્ટીફીકેટની પ્રમાણિ નકલ, ૩–૦૭–૨૦૧૫ | નિ.૩/૭ |
| ૮. | આ કામના અરજદારના પતિનું સંસ્થા તરફથી આપવામાં આવેલ ફોમ ફોર ટેસ્ટીમોનીઅલ ફોર સી–સર્વીસનો લેટર, ૨૫–૦૨–૨૦૧૫ | નિ.૩/૮ |
| ૯. | આ કામના અરજદારના પતિનું સંસ્થા તરફથી આપવામાં આવેલ ફોમ ફોર ટેસ્ટીમોનીઅલ ફોર સી–સર્વીસનો લેટર, ૧–૦૭–૨૦૧૫ | નિ.૩/૯ |
| ૧૦ | આ કામના અરજદારના પતિનું સંસ્થા તરફથી આપવામાં આવેલ ફોમ ફોર ટેસ્ટીમોનીઅલ ફોર સી–સર્વીસનો લેટર, ૨૨–૦૨–૨૦૧૨ | નિ.૩/૧૦ |
| ૧૧ | આ કામના અરજદારના પતિનું સંસ્થા તરફથી આપવામાં આવેલ ફોમ ફોર ટેસ્ટીમોનીઅલ ફોર સી–સર્વીસનો લેટર | નિ.૩/૧૧ |

**(૫)** આ કામે અરજદાર તરફે આંક–૨૫ થી અરજદાર નં.૧નું પુરાવાનું સોગંદનામું રજુ કર્યા બાદ ઉલટતપાસ માટે હાજર રહેતા ન હોઈ સામાવાળા નં.૧, ૨ તરફે આંક–૩૦ થી અરજી આપી આંક–૨૫ થી રજુ થયેલ એફીડેવીટ ઉપરની સરતપાસ ડીસ્કાર્ડ કરવા અરજી આપતા જે અરજી લગત હુકમ કરી આંક–૨૫ થી રજુ થયેલ પુરાવાનું સોગંદનામું ડીસ્કાર્ડ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે સામાવાળા નં.૧, ૨ તરફે અરજદારનો વધુ પુરાવાનો હકક બંધ કરવા અરજી આપતા જે અરજી લગત હુકમ કરી અરજદારનો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

**(૬)** આ કામે સામાવાળા નં.૧, ૨ તરફે નીચે મુજબનો દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**–: સામાવાળા નં.૧,૨ તરફે રજુ દસ્તાવેજી પુરાવો:–**

| અ.નં | વિગત | આંક/ નિશાની |
|---|---|---|
| ૧. | સામાવાળાએ ધી ઓરીએન્ટલ ઈન્સ્યોરન્સ કંપની લી. પાસેથી લીધેલ વીમા પોલીસી નંબર–૧૧૧૯૦૦/૪૮/૨૦૧૫/૧૮ની નકલ | નિ.૯/૧ |

આ કામે સામાવાળા નં.૧, ૨ તરફે આંક–૩૩ થી પુરાવા બંધ પુરસીસ રજુ કરેલ છે.

**(૭)** આ કામે સામાવાળા નં.૩ તરફે નીચે મુજબનો દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**–:<u>સામાવાળા નં.૩ તરફે રજુ દસ્તાવેજી પુરાવાઓ</u>:–**

| અ.નં. | વિગત | આંક/ નિશાની |
|---|---|---|
| ૧. | વીમા પોલીસીની કોપી | નિ.૨૩/૧ |
| ૨. | વીમા પોલીસીની ટમ્સ એન્ડ કન્ડીશનની કોપી | નિ.૨૩/૨ |

આ કામે સામાવાળા નં.૩ તરફે આંક–૩૪ થી પુરાવા બંધ પુરસીસ રજુ કરેલ છે.

**(૮)** આ કામે અરજદારનો દલીલનો હકક બંધ કરવા સામાવાળા નં.૧, ૨ તરફે આંક–૩૫ થી અરજી આપતા જે અરજી લગત હુકમ કરી અરજદારનો દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

**(૯)** આ કામે સામાવાળા નં.૧,૨ તરફે વિ.વ.શ્રીનાઓએ દલીલો હર્ડ ગણવા રજુઆત કરેલ છે.

**(૧૦)** આ કામે સામાવાળા નં.૩ તરફે વિ.વ.શ્રીનાઓએ દલીલો હર્ડ ગણવા રજુઆત કરેલ છે.

**(૧૧)** આ કામે મારા પુરોગામી વર્કમેન કોમ્પેનસેશન કમીશ્નર ધ્વારા આંક–૨૪ થી કેસના ન્યાય નિર્ણય માટેના નીચે મુજબના મુદ્દાઓ ઘડવામાં આવેલ છે.

**// મુદ્દાઓ //**

| | |
|---|---|
| ૧. | શું અરજદારો પુરવાર કરે છે કે, તેઓ ગુજરનારના કાયદેસરના આશ્રિતો અને વારસદારો છે? |
| ૨. | શું અરજદારો પુરવાર કરે છે કે, ગુજરનાર અને સામાવાળા નં.૧ અને નં.૨ વચ્ચે કામદાર–માલિકનો સંબંધ હતો? |
| ૩. | શું અરજદારો પુરવાર કરે છે કે, ગુજરનારનું મૃત્યુ સામાવાળા નં.૧ અને નં.૨ ની નોકરી દરમિયાન અને ફરજના ભાગરૂપે અકસ્માત થતા થયેલ છે? |
| ૪. | અકસ્માત સમયે ગુજરનારની ઉંમર અને માસિક પગાર શું હતો? |
| ૫. | શું અરજદારો સામાવાળાઓ પાસેથી અકસ્માત વળતરની રકમ મેળવવા હકદાર થાય છે? જો હા તો કેટલી રકમ? |
| ૬. | શું અરજદારો સામાવાળાઓ પાસેથી વળતરની રકમ ઉપરાંત વ્યાજ તથા પેનલ્ટી મેળવવા હકદાર થાય છે? જો હા તો કેટલી? |
| ૭. | શું આખરી હુકમ? |

**(૧૨)** ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧. | નકારમાં. |
| ૨. | નકારમાં. |
| ૩. | નકારમાં. |

| | |
|---|---|
| ૪. | નકારમાં. |
| ૫. | નકારમાં. |
| ૬. | નકારમાં. |
| ૭. | આખરી હુકમ મુજબ. |

## // કારણો //

(૧૩) <u>મુદ્દા નં.૧ થી ૬ ની સંયુકત ચર્ચા</u> :-

આ કામે ઉપરોકત મુદ્દા નં.૧ થી ૬ પરત્વે જોવામાં આવે તો આ કામે અરજદારોએ તેઓની અરજીના મથાળે અરજદાર નં.૧ સ્વ. રાકેશકુમાર રાયની પત્ની તેમજ અરજદાર નં.૨ સ્વ. રાકેશકુમાર રાયની પુત્રી તેમજ અરજદાર નં.૩ અને નં.૪ સ્વ. રાકેશકુમાર રાયના પુત્રો તેમજ અરજદાર નં.૫ અને નં.૬ સ્વ. રાકેશકુમાર રાયના પિતા અને માતા થતા હોવાનું જણાવેલ છે. તેમજ અરજદારના પતિ નામે રાકેશકુમાર રાય આ કામના સામાવાળાની સંસ્થામાં મર્ચન્ટ નેવી ફર્સ્ટ કલાસ માસ્તર તરીકે સન-૨૦૧૧ થી હજીરા ખાતે આવેલા પ્લાન્ટ ઉપર (પ્લેટ ફોર્મ) ઉપર ફરજ બજાવતા હતા હોવાનું તેમજ જેમનો માસિક પગાર રૂા.૩૫,૦૦૦/-એકાઉન્ટ પે ચેકથી સંસ્થા ચુકવતી હતી હોવાનું આ કામના અરજદારના પતિ તા.૧૭/૦૪/૨૦૧૫ થી નોકરી પર હાજર થયેલ અને તા. ૧૭/૦૫/૨૦૧૫ સુધી નોકરી ચાલુ હતી તે દરમ્યાન અચાનક પ્લેટ ફોર્મ પર પડી જતા બીજી શીપ દ્વારા બહાર લાવેલ અને તે દરમ્યાન સંસ્થાના જવાબદાર વ્યકિતએ સુરતમાં આવેલ બીએપીએસ(બાપ્સ) હોસ્પીટલ, અડાજણમાં તાત્કાલીક સારવાર માટે દાખલ કરવામાં આવેલ, તા.૧૮,૧૯,૨૦,૨૧,૨૨ સુધી સારવાર આપવામાં આવેલ ત્યારબાદ તા.૨૩/૦૫/૨૦૧૫ ના રોજ સાંજે ૪.૨૫ કલાકે સારવાર દરમ્યાન મુત્યુ થયેલ હોવાનું તેમજ અરજદારના પતિનું મુત્યુ થવાના કારણે અને આર્થિક સંકડામણમાં આવી ગયેલ હોવાથી આજે તેઓ અરજદારોએ જીવન જીવવાનું મુશ્કેલ બની ગયેલ હોવાનું તેમજ આ કામના સામાવાળાએ અકસ્માત થયાથી દિન ૩૦ માં વળતરની રકમ નામદાર કોર્ટમાં જમા કરાવેલ નથી જેથી ૧૨% વ્યાજ તથા ૫૦% પેનલ્ટી સહીત મેળવવા આ અરજી દાખલ કરવામાં આવેલ હોવાનું જણાવી અરજદારના પતિ રાકેશકુમારની ચાલુ નોકરી મૃત્યુ થયેલ હોવાથી જેની વળતરની રકમ આ કામના સામાવાળા નં.૩ને રૂા.૭,૮૮,૨૪૦/- જમા કરાવવા હુકમ ફરમાવવા તેમજ સામાવાળા નં.૧ અને ૨ ને અકસ્માત અંગેની રકમ કોર્ટમાં જમા કરાવવા કોઈ કાર્યવાહી કરેલ ન હોવાથી મુળ રકમની ૧૨ ટકા વ્યાજ તથા ૫૦ ટકા પેનલ્ટી સહીત સામાવાળા નં.૧ ને ચુકવવા

હુકમ કરવા તથા જે રકમ નામદાર કોર્ટમાં જમા કરાવવા હુકમ કરવા અરજ ગુજારેલ છે. પરંતુ આ કામે અરજદાર નં.૧ઓની સોગંદપરની જુબાની રજુ થયા બાદ અરજદાર નં.૧ ઉલટતપાસ માટે હાજર રહેતા ન હોઈ આંક–૨૫ની એફીડેવીટ ડીસ્કાર્ડ યાને રદ કરવામાં આવેલ છે અને અરજદારનો વધુ પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે. તે સંજોગોમાં આંક–૨૫ ની એફીડેવીટ ડીસ્કાર્ડ થયેલ હોઈ તેનું પુરાવાકીય મુલ્યાંકન કરી શકાય નહીં અને પુરાવા તરીકે ગ્રાહય રાખી શકાય નહીં. તેમજ અરજી સાથે રજુ કરેલ દસ્તાવેજોના કન્ટેન્શન પુરવાર કરવા તેના સમર્થનમાં કોઈ સોગંદનામું કરેલ નથી. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ અરજદારો જયાં સુધી તેઓની અરજીની હકીકતો પુરવાર ન કરે ત્યાં સુધી અરજીની હકીકતોનું ખંડન કરવાનો બોજો સામાવાળાઓના શીરે રહેતો નથી. આમ, આ કામે અરજદારોને તેઓનો કેસ પુરવાર કરવા માટે પુરતી તક આપેલ હોવા છતાં અરજદારો તરફે હાજર રહી પુરાવો રજુ કરેલ નથી. આમ, ઉપરોકત હકીકત ધ્યાને લેતાં અરજદારોને પુરતી તક આપવા છતાં અરજદારોએ તેઓની અરજીના સમર્થનમાં પુરાવો રજુ કરેલ ન હોઈ અરજદારો તેઓની અરજીની હકીકતો પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નીવડેલ હોઈ અરજદારો કોઈપણ પ્રકારની દાદ મેળવવા હકકદાર બનતા નથી. જેથી **મુદ્દા નં.૧ થી ૬** નો જવાબ **નકારમાં** આપવામાં આવે છે અને મુદ્દા નં.૭ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**//આ ખ રી હુ ક મ //**

**(૧)** અરજદારોની હાલની વ.કો.(ફેટલ) અરજી નં.૨૫/૨૦૧૫ આથી નામંજુર યાને રદ કરવામાં આવે છે.

**(૨)** ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**(૩)** આ હુકમની જાણ આ કેસના તમામ પક્ષકારોને કરવી.

હુકમ આજરોજ તારીખ–૩૦ મી માહે–માર્ચ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૩૦/૦૩/૨૦૨૬
સ્થળ : સુરત.

(કૃષ્ણકાંત ગોવિંદભાઈ પટેલ)
એકસ ઓફીસીઓ કમિશ્નર,
ફોર ધી એ.કો.એકટ,
મજુર અદાલત નં.૩, સુરત.
Code No. GJ01285